# સાધર્મિને કાજ તમારા ખોલી ધો ભંડાર, એક દુ:ખી ના રહેવા પામે નવકાર ને ગણનાર !

સહારો ધો તમે એ દુ:ખી માનવોને, નવકારને ગણનારા સાધર્મિક બાંધવોને,

વીરપ્રભુનું નામ નિરંતર જે મુખડું ઉચ્ચારે છે, વંદન ગુરુને રોજ કરે શાસનનો જય લલકારે છે,
મળે જો નહિં એને પુરા અન્ન પાણી, થશે તો તમારો ધરમ ધુળધાણી,
જરા જૈન ધરમીની દશા તો વિચારો, કહેશે કોઇ એને બિચારો બિચારો,
વીર તણા શાસનની જો જો હાંસી જગમાં થાયના . . . .. .
નિર્ધનની શ્રધ્ધાનો સાચો સથવારો છે શાસનને, દ્રઢ હશે જો પાયા તો નહીં આંચ આવે સિંહાસનને,
સદા ઝગમગે એવું સજાવો સિંહાંસન, ધજા ફરફરે એની ગગનમાં સનાતન,
પરંતુ કદી આ ભુમી પર નિહાળો, જે પાયા બન્યા એને કદી તો સંભાળો,
ડગમગતા એ જીવની જો જો શ્રધ્ધા કથળી જાયના .. ... ..... ...
ખૂબ ચઢાવો વરઘોડા ને ખૂબ બજાવો શરણાઇ, ઓચ્છવ મહોત્સવ ખૂબ કરો ને ખૂબ જમાડો મિઠાઇ,
ઘડીભર તમારી પ્રશંસા થવાની, દુનિયા બધુ એ વિસરી જવાની,
નકામો ગણાશે બધો આ ઠઠારો, દુ:ખી ભાઇઓનાં જો દુ:ખ ના મિટાવો,
ધરમ ચુક્યા ધનવાનો એવી નિંદા જગમાં થાયનાં .. . . . . . . . .

ફુલ પથારી તમો સુવોને ભાઇ તમારો રઝળે છે, મેવાને મિષ્ટાન તમારે ત્યાં બાળુડાં ટટળે છે,
ઉડી કેમ જાયે ના નિંદર તમારી, મિઠી વાનગી કાં બને ના અકારી,
સુખમાં ડુબેલા મનને મનાવો, તમોને મળ્યું એ બધાનું બનાવો,
વચન સુણ્યાં જે વીર પ્રભુનાં, ફોગટ જો જો જાય નાં, . . . . . . . .

જોડીને બે હાથ ઉભો છે બાંધવડો એક દુર્ભાગી, વેરી થઇને વિંટળાણી છે વિટંબણાઓ વણમાગી,
સુની આંખડી માં ભરી છે નિરાશા, ગળામાં રૂદનને, હ્રદયમાં હતાશા,
બધી બાજુએથી પડે છે પ્રહારો, ઉગારો કોઇ એને કોઇ તો ઉગારો,
મહાવીર નાં બાળકનું જો જો મોત કમોતે થાય નાં . . . . . . . . . .

મુ. શ્રી પ્રવિણભાઇ દેસાઇ, બોટાદ, દ્વારા 35 થી 40 વરસ અગાઉ રચાયેલા આ સ્તવન માં તેમણે જે આપણા ગરીબ અને મધ્યમ સ્થિતી નાં સાધર્મિક ભાઇ બહેનોનિ વેદનાને જે વાચા આપી છે તે વાંચીને જો આપણી આંખમાં આંસુનું એક ટીપું પણ ના આવે તો શું આપણે જૈન કહેવાવા માટે લાયક ખરાં ?તેઓશ્રીએ જે વાત વરસો અગાઉ કરી છે તેના કરતાં પણ વધારે ખરાબ પરિસ્થિતી આજે છે ?શું આપણે થોડુંક પણ યોગદાન આપી શકીશું ?